## મુદ્દાનં.૭
## વ્યકિતગત કિસ્સામાં સરકારી પડતર જમીનની માંગણી
## (ખેતી હેતુ માટે /લેન્ડ કચેરી દ્વારા)

| | |
|---|---|
| **૧. જોગવાઈ** | : વ્યકિતગત રીતે સરકારી પડતર જમીન ખેતીના હેતુ માટે સરકારશ્રીના તા.૧૫/૨/૮૯ના સંકલિત ઠરાવનં. જમન/૩૯૮૮/૩૨૯૦/(૧)–અ અન્વયે લેન્ડ કચેરી દ્વારા ખેતી હેતુ માટે જમીન ફાળવવાની જોગવાઈ કરવામાં આવી છે. |
| **૨. અરજી કોને કરવી** | : જાહેરનામામાં જણાવેલ સમય મર્યાદામાં પ્રાંત અધિકારીશ્રીને પરિશિષ્ટ–૧/૭ મુજબ. |
| **૩. નિકાલ માટેના સત્તાધિકારી** | : મહેસુલી વિસ્તારના પ્રાંત અધિકારીશ્રી |

**૪. નિકાલની સમય મર્યાદા**

| | |
|---|---|
| : કલેકટરશ્રી | ૨૦ દિવસ |
| પ્રાંત અધિકારીશ્રી | ૧૫ દિવસ |
| મામલતદારશ્રી | ૨૫ દિવસ |
| સર્કલ ઓફિસર/ગ્રામ્ય કક્ષા | ૬૦ દિવસ |
| કુલ........ | ૧૨૦ દિવસ |

- **અરજદારશ્રીએ અરજીમાં સંપુર્ણ વિગતો સ્પષ્ટ રીતે વાંચી શકાય તેવી રીતે ભરવાની રહેશે. તેમજ અરજી સાથે માગ્યા મુજબના તમામ પુરાવાઓની પ્રમાણિત નકલ બીડવાની રહેશે. આ ઉપરાંત અરજી સાથે આપેલ ચેકલીસ્ટમાં તમામ મુદ્દાઓના જવાબ અવશ્ય આપવાના રહેશે. જો એકપણ વિગત અધુરી હશે કે પુરાવા રજુ કરેલ નહી હોય તો અરજીપત્રક સ્વીકારવામાં આવશે નહી.**

**<u>અરજી સાથે નીચે મુજબના પુરાવાઓની પ્રમાણિત નકલો સામેલ કરવાની રહેશે.</u>**

૧ મામલતદારશ્રી દ્વારા આપવામાં આવેલ કુટુંબની વાર્ષિક આવકનો દાખલો. (પરિશિષ્ટ–૨/૭).
૨ અરજદારના કુટુંબની વિગતો (પરિશિષ્ટ–૩/૭).
૩ અરજદારના રહેઠાણનો પુરાવો (રેશનકાર્ડ, લાઈટબીલ વિગેરે પૈકી ગમેતે એક)
૪ અરજદારની જાતિનો દાખલો (જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી/જિલ્લા પછાત વર્ગ અધિકારીશ્રી/મામલતદારશ્રી/તાલુકા વિકાસ અધિકારીશ્રી દ્વારા આપવામાં આવેલ)
૫ એકસાલી ધોરણે જમીન ખેડી હોય તો તેની ૭ / ૧૨ની નકલ.
૬ ખેડુત ખાતેદાર હોય તો ગામ નમૂના નંબર ૮–અ તથા ૭ / ૧૨ની નકલો.
૭ માજી સૈનિકના કિસ્સામાં નોકરીમાંથી નિવૃત થયા અંગેના પુરાવા.
૮ માજી સૈનિકના કિસ્સામાં સૈનિક કલ્યાણ કેન્દ્રનો દાખલો.

## <u>વ્યક્તિગત સરકારી જમીનની ખેતી હેતુ માટે માંગણી સારૂ અગ્રતાક્રમની વિગતો</u>

વ્યક્તિગત રીતે સરકારી જમીન ખેતીના હેતુ માટે સરકારશ્રીના તા.૧૫/૨/૮૯ના પરિપત્ર મુજબ આપવાની જોગવાઈ છે. પરંતુ પરિપત્રની જોગવાઈ મુજબ ખેતીના હેતુ માટે વ્યકિતગત માંગણીના કિસ્સામાં લેન્ડ કચેરી દ્વારા અગ્રતાક્રમ પ્રમાણે જમીનનો નિકાલ કરવામાં આવે છે.

<u>લેન્ડ કચેરીમાં જમીન મેળવવા અગ્રતાક્રમ (ટૂંકમાં)</u>

૧. જે ખેડુતોની સંપુર્ણ જમીનો અતિવૃષ્ટિ / પુરને કારણે ધોવાઈ ગઈ હોય
૨. માજી સૈનિકો / શહીદ સૈનિક કે જે ગુજરાતના વતની હોય.
૩. તા.૧/૩/૬૦ પહેલા જેમને એકસાલી પટ્ટેથી સળંગ ૩ વર્ષ અથવા વધુ ખેડી હોય તેવા ખેડુતો/મંડળીઓ/એકસાલી/પટ્ટેદારો
૪. સિંચાઈ/ વિજળી યોજના દ્વારા અસર પામેલા વ્યકિતઓ
૫. અનુ. જનજાતિની વ્યકિત
૬. પછાત વર્ગના ખેડુતોની સંયુકત સહકારી મંડળી
૭. પછાત વર્ગના ખેડુતોની સહકારી મંડળી
૮. ભુમિહીન વ્યકિતઓની સંયુકત ખેતી સહકારી મંડળી
૯. અસ્થાયી અને વિયુકત જાતિના સભ્યો
૧૦. કશી જમીન ધરાવતા ન હોય અથવા પોષણક્ષમ કરતા ઓછી જમીન ધરાવતા હોય
૧૧. બીજા પછાત વર્ગો અનુ. જનજાતિ, અનુ. જાતિ, પછાત વર્ગ
૧૨. ખેતીવાડીવાળા જેમને ખરેખર ખેતી કરવામાં રસ હોય
૧૩. પછાત વર્ગ સિવાયના જમીન જાતે ખેડવા તૈયાર હોય તેવા ભુમિહીન ખેતમજુરો

કલેકટર કચેરી

| |
|---|
| બાર–કોડ સ્ટીકર<br>માટેની જગ્યા |

## <u>પરિશિષ્ટ:–૧/૭</u>

## <u>વ્યકિતગત કિસ્સામાં સરકારી પડતર જમીનની માંગણીનું અરજીપત્રક</u>

| |
|---|
| કોર્ટ ફી સ્ટેમ્પ<br>રૂા. ૩/– |

નામ : ..................................
સરનામું : ..................................
..................................
તારીખ : ..................................

પ્રતિ,
પ્રાંત અધિકારીશ્રી/કલેકટરશ્રી,

<u>વિષય : વ્યકિતગત કિસ્સામાં સરકારી પડતર જમીનની માંગણી</u>
મોજે.................. તાલુકો.................સર્વે નં./બ્લોકનંબર............

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, અમો ખેડુત ખાતેદાર છીએ અમારે ખેતીના કામે સરકારી પડતર જમીનની જરૂરીયાત છે. મારી વિગતો નીચે મુજબ છે.

૧. અરજદારનું નામ :–

૨. કુટુંબમાં કેટલા સભ્યો છે? :–

૩. સંયુકત કુટુંબમાં રહે છે કે અલગ થયેલા છે? :–

૪. હાલ કેટલી જમીન ધારણ કરે છે. :– ગામનું નામ ખાતાનં. સર્વે/બ્લોકનં. ક્ષેત્રફળ
(અ) પોતાનું નામ :–

(બ) સંયુકત કુટુંબના વડાના નામે :–

૫. જે ગામે જમીન માંગી છે તે ગામનું નામ:–
(અ) અરજદારએ ગામમાં કાયમી વતની:– છે. જો ના તો
(બ) કયા ગામના કાયમી વતની છે? :–



૬. અરજદાર પછાત વર્ગના છે? :–

જો હા તો કઈ જાતિના છે? :–
(અનુ.જાતિ/જનજાતિ/અન્ય પછાતવર્ગ)

૭. અરજદાર બીન પછાત વર્ગના છે? :–

૮. માંગણીવાળી જમીનની વિગતો :– ગામનું નામ સર્વે/બ્લોકનંબર ક્ષેત્રફળ

૯. અરજદાર કે તેમના કુટુંબના કોઈ સભ્ય :–
એક સાલી ધોરણે કોઈ જમીન ખેડે છે?
જો હા તો તેની વિગતો

(અ) હુકમનંબર તથા તારીખની વિગતો :–

(બ) જમીનની વિગતો :– ગામનું નામ સર્વે/બ્લોકનંબર ક્ષેત્રફળ

૧૦. અરજદારની આવક કેટલી છે :–
(અ) પોતાની

(બ) બીજા સભ્યોની

૧૧. અરજદારને અગાઉ સાંથણીની જમીન :–
મળી છે. જો હા તો તેની વિગતો
(અ) હુકમનંબર તથા તારીખની વિગતો :–

(બ) જમીનની વિગતો :– ગામનું નામ સર્વે/બ્લોકનંબર ક્ષેત્રફળ

૧૨. અરજદારે અગાઉ અરજી કરી હોય અને :–
જમીન મળી હોય તો તેની વિગત
(અ) હુકમનંબર તથા તારીખની વિગતો :–

(બ) જમીનની વિગતો :– ગામનું નામ સર્વે/બ્લોકનંબર ક્ષેત્રફળ

૧૩. અરજદાર ખેતીનો અનુભવ ધરાવે છે? :–
જો હા તો તેની વિગત

૧૪. બીજી કોઈ સામાન્ય માહીતી અરજદાર :–
પોતાની તરફમાં તેમની જમીન મેળવવા માટેની લાયકાતોમાં જણાવવા માગતા હોય તે (જેવી કે, અરજદાર સૈનિક છે અથવા માજી સૈનિક છે અથવા ટેરીટોરીયલ આર્મીનો સભ્ય છે કે મોઝામ્બીક પોટુગીઝ કોલોનીઓ, બર્મા, સિલોન કે યુગાન્ડામાંથી પરત આવ્યા છે/ ખેતીવાડી સ્નાતક છે/ સરકારના દારૂબંધીની નીતીની અસર પામેલા છે/સ્વાતંત્ર્ય સંગ્રામમાં ભાગ લીધો છે અથવા વેઠ પ્રથામાંથી છુટકારો પામી જીવન નિર્વાહનો પ્રશ્ન જેની સમક્ષ ઉભો છે વિગેરે)

જે ધ્યાને લઈ મારી માંગણી મુજબની સરકારી જમીન ફાળવી આપવા વિનંતી છે.

સ્થળ :
તારીખ :

........................................................
અરજદારની સહી/ નામ/ અંગુઠાનું નિશાન

**:–એકરાર:–**

અમો અરજદાર અમારા ધર્મના સોગંદ ઉપર પ્રતિજ્ઞાપુર્વક એકરાર કરી આથી જણાવીએ છીએ કે, ઉપર અરજીમાં જણાવેલ તમામ વિગતો /હકીકત અમારી જાણ તેમજ માનવા મુજબ ખરી અને બરાબર છે. જો અરજીમાં જણાવેલ હકીકત ખોટી જણાય કે અમોએ જાણી બુઝીને ખોટી હકીકત / વિગત રજુ કરેલ હોવાનું ધ્યાને આવે તો ખોટા દસ્તાવેજો રજુ કરવા બદલ અમારી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી શકાશે. તેમજ ખોટી હકીકત રજુ કરવી તે ફોજદારી ગુન્હો બને છે. તે હકીકત અમો સારી રીતે જાણીએ છીએ.

સ્થળ :
તારીખ :

....................................
(અરજદારની સહી/નામ)

## પરિશિષ્ટ:–૨/૭
## આવકનું પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી............................................... રહેવાસી : .......................................................................................................... ........................વ્યવસાય: ............................ના ની સને. ૨૦૦ /૨૦૦ ની સાલની સમગ્ર કુટુંબની વાર્ષિક આવક રૂા. ..........................અંકે રૂપિયા: ..........................................................પૂરા છે. આ પ્રમાણપત્ર તલાટી / સર્કલ ઓફીસરશ્રી..........................................રૂબરૂ લીધેલ જવાબ જવાબ તથા પંચનામાનાં આધારે ................................................હેતુ માટે આપવામાં આવે છે.

........................................

કચેરીનું નામ–સરનામું
તારીખ :

સક્ષમ અધિકારીશ્રીની સહી
નામ :
સિકકો:

## પરિશિષ્ટ:–૩/૭
## અરજદારના કુટુંબની વિગતો

| અ.નં. | નામ | ઉંમર | સંબંધ | વ્યવસાય | વાર્ષિક આવક | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| ૧ | | | | | | |
| ૨ | | | | | | |
| ૩ | | | | | | |
| ૪ | | | | | | |
| ૫ | | | | | | |
| ૬ | | | | | | |
| ૭ | | | | | | |
| ૮ | | | | | | |

....................................................
અરજદારની સહી/નામ

**ચેકલીસ્ટ(મુદ્દાનં.૭)**
**વ્યકિતગત કિસ્સામાં સરકારી પડતર જમીનની ખેતી હેતુ સારુ માંગણી**
(અરજદાર સંસ્થાએ અરજી સાથે રજુ કરવાનું રહેશે.)

| અ.નં. | વિગત | હા/ના / લાગુ પડતું નથી. | પાન નંબર |
|---|---|---|---|
| ૧ | અરજી પત્રક (પરિશિષ્ટ–૧/૭) | | |
| ૨ | નિયત કોર્ટ ફી સ્ટેમ્પ લગાવેલ છે? | | |
| ૩ | કુટુંબની કુલ આવકનો દાખલો (મામલતદારશ્રીનો) (પરિશિષ્ટ–૨/૭) | | |
| ૪ | અરજદારની કુટુંબની વિગતો (પરિશિષ્ટ–૩/૭) | | |
| ૫ | રહેઠાણના પુરાવા | | |
| ૬ | અરજદારે જે જાતિના હોય તેની લાગુ પડતી દાખલાની નકલ (સમાજકલ્યાણ અધિકારીશ્રીનો જાતિનો દાખલો) | | |
| ૭ | અરજદારે એકસાલી જમીન ખેડી હોય તો ૭ / ૧૨ ની નકલો જે તે વર્ષની સામેલ કરવી. | | |
| ૮ | અરજદાર ખાતેદાર હોય તો ગામ. ન.નં.૮–અ ની તથા ૭ / ૧૨ ની નકલ | | |
| ૯ | માજી સૈનિકના કિસ્સામાં સૈનિક કલ્યાણ કેન્દ્રનો દાખલો | | |
| ૧૦ | માજી સૈનિક ના કિસ્સામાં નિવૃતિ અંગેનો પુરાવો | | |
| ૧૧ | બાર–કોડ સ્ટીકર લગાવેલ છે? | | |

સ્થળ : ........................................
તારીખ: અરજદારની સહી / નામ

ખાસનોંધ: **ચેકલીસ્ટના કોલમ નં.૩માં "હા/ના અથવા લાગુ પડતું નથી" તેમ સ્પષ્ટ દર્શાવવું તથા સામેલ કરેલ પુરાવા કયા પાના નંબર ઉપર છે તે પણ દર્શાવવું. આ પૈકીના એકપણ મુદ્દાની પુર્તતા બાકી હશે તો અરજીપત્રક સ્વીકારવામાં આવશે નહી જેની ખાસ નોંધ લેવી.**

અરજીપત્રક સ્વીકાર્યુ

..................................................
જનસેવા કેન્દ્ર ફરજ પરના
કર્મચારીની સહી / નામ/ સિકકા / તારીખ